Extra No. 275

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 25, 2025 / SRAVANA 3, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૭મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૧/૨૦૨૫/કેએવી/૧૦૨૦૨૫/ઈએલસી-૦૧/એસબી-૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Representation of the People Act, 1951.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ

જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી મે, ૨૦૨૫

સંદર્ભ: મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તારીખ : ૨૫.૦૫.૨૦૨૫નો પત્ર ક્રમાંક. બીવાયઈ/૧૦૨૦૨૫/૧૮/છ (એલ એન્ડ ઓ)

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક. જીજી/૮૧/૨૦૨૫/કેએવી/૧૦૨૦૨૫/ઈએલસી-૦૧/એસબી-૧:- લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કની જોગવાઈઓ અનુસાર અને ભારતના ચૂંટણી પંચના તારીખ. ૭મી જૂન, ૨૦૨૩ના પત્ર ક્રમાંક. ૪૬૪/આઈએનએસટી/ઈપીએસ/૨૦૨૩ (ઈલેક્શન ઓફિશલ)-માં જણાવેલ આદેશોને ધ્યાનમાં લઈને, ગુજરાત સરકાર, આથી, ૨૪-કડી (એસસી) અને ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તાર-૨૦૨૫ની પેટા-ચૂંટણીનું સંચાલન કરવા માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કના હેતુ માટે, નીચેના પોલીસ અધિકારીઓને મુકરર અધિકારીઓ તરીકે જાહેર કરે છે:-

૧. પોલીસ મહાનિયામક/અધિક પોલીસ મહાનિયામક/ પોલીસ મહાનિરીક્ષક; અને

૨. પેટા-ચૂંટણીના કિસ્સામાં, મતવિસ્તાર જેની હકૂમત હેઠળ આવતા હોય તેવા એડિશનલ ડીજી/ડીઆઈજી/પોલીસ કમિશનર અને સંબંધિત જિલ્લાઓ/મતવિસ્તારોમાં તેમની નીચેના તમામ પોલીસ અધિકારીઓ;

આ હુકમ તારીખ: ૨૬મી મે, ૨૦૨૫થી અમલમાં આવશે અને સદરહુ પેટા-ચૂંટણીઓની કાર્યવાહી પૂરી થયાની તારીખ સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.31 16:28:17 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar